# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-04-2025** **Midday : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJCOMASOL MOU

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ગુજકોમાસોલ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી વચ્ચે સમજૂતી કરાર કરાયા હતા. શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ દ્વારા વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તથા ગુજકોમાસોલના માધ્યમથી પ્રાકૃતિક ખેત ઉત્પાદનોનું દેશ-વિદેશમાં વેચાણ થાય અને ખેડૂતોને વધુમાં વધુ વળતર મળે તે હેતુથી આ MOU  કરાયા હતા.

આ પ્રસંગે ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણી, ઉપાધ્યક્ષ બિપીન ગોતા તથા  ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ ડો. સી. કે. ટીમ્બડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# GUJ-GOVERNOR'S AKASHVANI VISIT

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દેશની પ્રાચીન પરંપરા જાળવવા બદલ અને સાંસ્કૃતિક વારસાને ભાવિ પેઢી સુધી પહોંચાડવામાં આકાશવાણીનાં પ્રદાનની પ્રશંસા કરી.

આજે આકાશવાણી અમદાવાદ પરિસરની મુલાકાતે આવેલા રાજ્યપાલે આકાશવાણીના અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધન કર્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારો સુધી શિક્ષણ અને મનોરંજનની સામગ્રી પહોંચાડવા માટે રેડિયો શક્તિશાળી માધ્યમ છે.

# MORBI YARD WHEAT

મોરબી માર્કેટિંગ યાર્ડમાં ઘઉંની વિક્રમ આવક થતાં યાર્ડના સત્તાવાળાઓએ તાકીદની અસરથી ઘઉંની ખરીદી બંધ કરી છે. છેલ્લાં બે દિવસમાં 36,000 મણ ઘઉંની આવક થઈ છે અને મહત્તમ 571 રૂપિયા સુધીનાં ભાવ બોલાયા છે. યાર્ડમાં મબલખ આવક થવાથી ઘઉંના અપેક્ષા મુજબ ભાવ નથી મળી રહ્યા એમ ખેડૂતો જણાવી રહ્યા છે. જ્યાં સુધી નવી જાહેરાત ન થાય ત્યાં સુધી ખેડૂતોએ ઘઉં લઈને ન આવવા સૂચના આપવામાં આવી છે.

મોરબી માર્કેટિંગ યાર્ડના સેકેટરી કાંતિભાઈ વૈષ્ણાનીએ આ અંગેની વધુ માહિતી આપીઃ

(BYTE: MORBI KANTIBHAI VAISHNANI)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MAHISAGAR KHANIJ CHORI

મહીસાગર જિલ્લા ખાણ ખનીજ વિભાગે કડક કાર્યવાહી કરતાં ત્રણ ડમ્પર સહિત એક કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ અંગે માઇન્સ સુપરવાઇઝર  જિમ્મી વાણિયાએ વધુ માહિતી આપી.

(બાઈટ: જિમ્મી વાણિયા-માઇન્સ સુપરવાઈઝર)

# SONGARH ROAD RESUFACING

રાજ્યકક્ષાના મંત્રી કુંવરજી હળપતિએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના વાઝરડાથી ચીખલી-ભેંસરોટને જોડતા રસ્તાઓનાં રી-સરફેસિંગનું ખાતમૂહૂર્ત કર્યું., આશરે સાડા ત્રણ કિલોમીટર લાંબો આ માર્ગ અંદાજે ત્રણ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થશે. આ માર્ગથી આ વિસ્તારના દસથી વધુ ગામોને સીધો લાભ થશે

# VADNAGAR SINGLE USE PLASTIC FREE CITY

ઐતિહાસિક નગરી વડનગરને 1 મેનાં રોજ ગુજરાત સ્થાપના દિવસથી સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી શહેર બનાવવા માટે ઝુંબેશ ચાલુ છે. લોકોમાં જાગૃતિ ફેલાવવા નગરપાલિકા દ્વારા શહેરમાં પાંચ કિલોમીટર રૂટ પર રેલી નિકળી હતી.

નગરપાલિકાના પ્રમુખ મિતિકાબેન શાહે વડનગરને પ્લાસ્ટિક મુક્ત કરવા માટે નગરજનોને અનુરોધ કર્યો હતો. તેમણે મહિલાઓને શાકભાજી સહિતની ચીજવસ્તુઓ ખરીદી કરવા કપડાંની થેલી સાથે લઈને જવાનું સૂચન કર્યું હતું.

# GNLU and VVGNLI Sign MoU

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર અને વીવી ગિરી નેશનલ લેબર ઇન્સ્ટિટ્યૂટે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા છે. આ જોડાણનો હેતુ શ્રમ બજારો, સામાજિક સલામતી અને માનવ સંસાધન સંચાલનનાં ક્ષેત્રમાં સંશોધન, નીતિ વિકાસ અને ક્ષમતા નિર્માણને વેગ આપવાનો છે. સમજૂતિ હેઠળ બંને સંસ્થાઓ સંયુક્ત સંશોધન, કન્સલ્ટન્સી પ્રોજેક્ટ્સ અને તાલીમ કાર્યક્રમો હાથ ધરશે.

# VISNAGAR SHANTI SAMITI BETHAK

વિસનગરમાં નિકળનારી રામ નવમીની શોભાયાત્રા પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ સમાજના અગ્રણીઓએ શાંતિપૂર્ણ માહોલમાં શોભાયાત્રા સંપન્ન થશે તેવી ખાતરી આપી હતી.

શોભાયાત્રામાં 15 ટ્રેકટર, પાંચ ઊંટ લારી. બે બગીઓ અને અખાડાના કસરતબાજો જોડાશે.